PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/કવા–૦૨/૧૮–૧૯/ 7771 તા. 20-8-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
રામભાઈ હરદાસભાઈ માડમ,
ગામ: દેવળીયા
તા. કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા - 361 320
મો: ૯૮૯૮ ૮૨ ૬૦ ૮૦

વિષય :–વીજલાઈન મેન્ટેનન્સ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૦/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૦/ક્વા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૮ | સ્થળ : દ્વારકા |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: રામભાઈ હરદાસભાઈ માડમ, ગામ: દેવળીયા
રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

**વિરુધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)
રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : વીજલાઈન મેન્ટેનન્સ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ:દેવળીયા ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નંબર : ૮૫૭૨૦/૦૦૭૧૩/૦ થી ધરવે છે. જે ખેતીવાડી ગ્રુપ મા કુલ ૩૯ વીજપોલ – તેમજ ૦૮ ખેડુતો ને એક જ ટ્રાન્સફોર્મર માથી પાવર સપ્લાય મળે છે, જે વીજલાઈન જર્જરીત હાલત મા ઉભી છે, જેના કારણોસર અવારનવાર વીજવીક્ષેપ આવતો હોય છે. સદર બાબતે વારંવાર કચેરી મા રૂબરૂ રજુઆતો કરવા છતા – વીજ મેન્ટેનન્સ ની કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી રામભાઈ હરદાસભાઈ માડમ દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. દેવળીયાખાતે વિજ લાઇન મેન્ટેનન્સ બાબત માટે રજૂઆત કરેલ છે. જે અનુસંધાને પેટાવિભાગીય કચેરી કલ્યાણપુર દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત અરજદાર શ્રી રામભાઈ હરદાસભાઈ માડમની હાજરીમાં તા.૦૮.૦૮.૨૦૧૮ ના રોજ સ્થળ મુલાકાત લીધેલ તે મુજબનું જરૂરી વીજલાઇન રીપેરીંગ નું કામ સંતોષકારક રીતે કરી આપેલ છે. જે બદલ અરજદારે સમાધાન પત્ર મા તા.૦૮–૦૮–૧૮ ના રોજ લેખીત સંમતી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૮–૦૮–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.